# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

## જાહેરાત ક્રમાંક : ૧૧/૨૦૧૭

### પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા કાર્યક્રમ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કારોબારી સમિતિની સભા તા.૧૧/૦૫/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંકઃ૧૦૧ થી નકકી કરવામાં આવ્યું કે ઓકટો–ડીસેમ્બર ૨૦૧૬ની પીએચ.ડી. પ્રવેશ અંગેની તમામ કાર્યવાહી રદ કરવી અને તે લેખીત પરીક્ષામાં નોધણી કરાવેલ તમામ ઉમેદવારોની પુનઃ લેખિત પરીક્ષા ગોઠવવી તથા તમામ પ્રવેશ પ્રક્રિયા કારોબારી સમિતિએ મંજુર કરેલ ઓર્ડિનન્સ મુજબ નવેસરથી કરવી. આ માટે પીએચ.ડી.ની વિષય દીઠ સીટો અગાઉ જાહેર કરવામાં આવેલ તે જ યથાવત રાખવી અને તે વિધાર્થીઓ પુન : પરીક્ષામાં બેસે તે માટે કોઈ પણ પ્રકારની વિધાર્થી પાસેથી નોધણી ફી ભરવાની રહેશે નહી, જેની નોંધ લેવી.

ઉપરોકત ઠરાવ અનુસાર યુનિવર્સિટી ધ્વારા સમગ્ર કાર્યવાહી નીચે મુજબના કાર્યક્રમ પ્રમાણે ગોઠવવામાં આવી છે. જેની દરેકે નોધ લેવી.

**લેખિત પરીક્ષા : તા.૦૯/૦૭/૨૦૧૭, રવિવાર**

**સમય–૧૧ : ૦૦ કલાકે**

વિધાર્થીઓના અગાઉ ફાળવવામાં આવેલ સીટ નંબર તેજ યથાવત રહેશે. વિધાર્થીઓએ નવેસરથી હોલ ટીકીટ યુનિવર્સિટીની વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી લેવાની રહેશે અને તેની પ્રિન્ટ સાથે યુનિવર્સિટી ધ્વારા નકકી કરાયેલ પરીક્ષા કેન્દ્ર ઉપર સ્વખર્ચે પરીક્ષા માટે ઉપસ્થિત રહેવાનુ રહેશે.

આ સંદર્ભે વિગતવાર સુચનાઓ, પરીક્ષા કેન્દ્રની વિગત, પરીક્ષાનુ માળખુ, વિગેરે યુનિવર્સિટીની વેબસાઈટ www.ngu.ac.in ઉપર ઉપલબ્ધ છે.

સ્થળ : પાટણ — ડૉ.ધ.મ.પટેલ

તા.૧૫/૦૬/૨૦૧૭ — કા.કુલસચિવ